# વર્ગખંડ અધ્યાપનની ગુણવત્તાનું મૂલ્યાંકન

ડૉ. કમલેશકુમાર એસ.તરાલ
અસિસ્ટંટ પ્રોફેસર,
શેઠ સી.એન.કૉલેજ ઓફ એજ્યુકેશન, અમદાવાદ.

## ૧. પ્રસ્તાવના

પ્રવર્તમાન યુગ એ જ્ઞાન અને માહિતીનો યુગ છે. જેનું ઉત્તમ માધ્યમ શિક્ષણ અને ઉત્તમ સંસ્થા શાળા છે. હાલમાં જીવનના દરેક ક્ષેત્રમાં ગુણવત્તાનું મહત્વ વધતું જાય છે. આમ તો ભારતીય સંસ્કૃતિમાં ગુણવતાનો આગ્રહ અતિ પ્રાચીન સમયથી જ જોવા મળે છે. જેમ કે ઉદ્દાલકે વિશ્વજિત યજ્ઞની પૂર્ણાહુતિ બાદ, આમંત્રેલા બ્રાહ્મણોને નબળી ગુણવત્તા વાળી ગાયો આપેલી જેનો પુત્ર નચિકેતા દ્વારા વિરોધ થયેલો. કાળક્રમે ગુણવત્તાનું મહત્વ વધતું જ રહ્યું છે . હવે દરેક વ્યકિત ખર્ચેલી મૂડીના સામે વળતર રૂપે શ્રેષ્ઠ ગુણવત્તાનો આગ્રહ રાખે છે.

માટે જ જીવન ઘડતરના અમૂલ્ય એવા સમય અને સ્થળ રૂપે શાળાઓમાં અપાતા શિક્ષણમાં ગુણવત્તાની ઉપેક્ષા અસહનીય છે. શિક્ષણના મહત્ત્વના ધ્યેયો અને હેતુઓને પૂર્ણ કરવા શિક્ષણમાં ગુણવત્તા અનિવાર્ય છે. કોઠારી કમિશને યથાર્થ જ કહ્યું છે. “રાષ્ટ્રના ભાવીનું નિર્માણ તેની શાળાના વર્ગખંડોમાં થઈ રહ્યું છે." દેશ માટે ઉત્તમ નાગરિકોના સર્જન માટે ગુણવત્તાયુકત શિક્ષણ જરૂરી છે.

આ વર્તમાન સમયમાં ભારત અને ગુજરાતમાં શાળાકીય શિક્ષણની ગુણવત્તા કથળેલી જોવા મળે છે. તેમાં પણ માધ્યમિક કક્ષાએ તેની સૌથી વધુ કથળેલી છે. માધ્યમિક કક્ષા શિક્ષણ વ્યવસ્થામાં ખૂબ મહત્વ ધરાવે છે કેમ કે તે પ્રાથમિક કક્ષા અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાની મધ્યે છે. આ તબકકામાં આવતા વિદ્યાર્થીઓમાં પુખ્તતા અને સભાનતાનું પ્રમાણ વધતું જણાય છે. વળી આ તબકકો જીવનનો મુગ્ધકાળ એટલે કે તરૂણાવસ્થાનો છે. ધોરણ-૧૦ બાદ મોટાભાગે રોજગારી , વ્યવસાય કે આર્થિક ઉપાર્જનનું ક્ષેત્ર પસંદ કરવાનું હોય છે, માટે સૌથી વધુ ધ્યાન આ ક્ષેત્રે આપવાની જરૂર છે. જોકે તેની જ સૌથી વધુ ઉપેક્ષા થયેલી જોવા મળે છે. ધોરણ-૧૦ ના પરીણામો જોતા સ્પષ્ટ જણાય છે કે અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ચર્ચાતા જોવા મળે છે. જેમ કે શાળાકીય ગુણવતા સુધારવા થઈ શકે?, કોણ કરે?, કયારે કરે?, કેવી રીતે કરે?, કોના સહકારથી કરે?, કેટલા અંશે કરે? આવા પ્રશ્નોનો ઉકેલ સૌએ સાથે મળીને જ શોધવાનો છે. વળી આપણે જ્યારે શિક્ષણમાં ગુણવત્તાની વાત કરીએ ત્યારે ગુણવત્તા અંગે માહિતગાર થવું જરૂરી છે.

## ૨. ગુણવત્તાની વિભાવના

ગુણવત્તા શબ્દ મૂળ તો ધંધા-ઉદ્યોગો સાથે સંકળાયેલ છે. તેની નિશ્ચિત વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. તેની વિભાવનાને આ રીતે સ્પષ્ટ કરી શકીએ. “કોઈ એક વસ્તુના સ્વરૂપ, પ્રકાર અથવા લાક્ષણિકતા તે જ પ્રકારની અન્ય વસ્તુઓ સાથેની તુલના હોય તેવા કિસ્સાઓ પુરતુ હવે મર્યાદિત, તેવી ચીજવસ્તુઓની ઉત્કૃષ્ટતાની માત્રા કે કક્ષા.” (ઓકસફર્ડ ઈંગ્લીશ ડીક્ષનરી)

The totality of feature and Characteristics of Predictor Services has ability to satisfy the stated or implied needs.

આમ, ગુણવત્તા એટલે ઉત્કૃષ્ટતા, શ્રેષ્ઠતા; કશુંક વિશેષ અને અસાધારણ સંપૂર્ણતા, ગુણાત્મક પરિવર્તન વગેરે. તેમાંય શાલેય ગુણવત્તાની વિભાવના આ રીતે કરી શકીએ. શિક્ષણમાં શૈક્ષણિક નીપજ મહત્વની છે. શિક્ષણ લેવાથી આત્મસંતોષ થાય અને વ્યકિતનું યોગ્ય ઘડતર થઈ શકે તો એ શિક્ષણ ગુણવત્તાવાળું કહેવાય. શાલેય ગુણવતાને આ રીતે વ્યાખ્યાયીત કરવામાં આવી છે. 'Quality of education may be defined as. Its effectiveness in achievement its objective'.

આમ, શાલેય ગુણવત્તામાં બે શબ્દો મહત્વના જોવા મળે છે. ( ૧ ) શિક્ષણના ધ્યેય ( ૨ ) અસરકારક રીત. શાલેય ગુણવત્તા શિક્ષણના ધ્યેયોને અસરકારક રીતે પૂર્ણ કરવાની પ્રક્રિયાના પરિપ્રેક્ષ્યમાં મુલવીશકાય. રાષ્ટ્રીય નીતિ-૧૯૮૬ માં કેટલાક ચોકકસ તત્વોનો ઉલ્લેખ જોવા મળે છે. જેમાં વિદ્યાર્થીઓમાં વિવિધ ખ્યાલોના વિકાસને મહત્વ અપાયું છે. જેમ કે પર્યાવરણીય સભાનતા, વૈજ્ઞાનિક વલણનો વિકાસ, નાના કુટુંબની ભાવનાની સમજ, જાતિય સમાનતાની ભાવના વગેરે. આવા અનેક ધ્યેયો સિદ્ધ કરી શકે તેવા શિક્ષણને ગુણવત્તાવાળું કહી શકાય. શિક્ષણ એ કેળવણીનું પ્રથમ પગથિયું છે અને તે જ નબળું હોય તો દેશનું ભાવિ ધુંધળું છે એમ કહી શકાય. ભારતીય દર્શનોમાં પણ શાલેય ગુણવત્તાના મહત્ત્વને જોઈ શકાય છે. જેમ કે, શિક્ષણ માટે કહેવાયું છે ।। તમસો મા જ્યોતિર્ગમય ।। અને ।। સા વિદ્યા યા વિમુક્તયે ||

માટે જ દિન-પ્રતિદિન શાલેય ગુણવત્તાનું મહત્ત્વ વધી રહ્યું છે. શાલેય ગુણવત્તા સુધારણા પ્રક્રિયામાં તેમાં સમાવિષ્ટ ક્ષેત્રો ખૂબ મહત્વના છે. સૌ પ્રથમ તો કઈ કઈ બાબતોમાં ગુણવત્તા નબળી છે, તે જાણ્યા બાદ જ તેમાં સુધારણા થઈ શકે. શાલેય ગુણવત્તામાં નીચેના ક્ષેત્રોનો સમાવેશ થાય છે. 1. અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો, 2. શાળાની ભૌતિક અને શૈક્ષણિક સુવિધાઓ અને વિદ્યાર્થીઓ, 3. શિક્ષકો, 4. આચાર્યો, 5. અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા, 6. સહઅભ્યાસ પ્રવૃત્તિ, 7. મૂલ્યાંકન પદ્ધતિઆમ શાલેય ગુણવત્તા સુધારણામાં ઉપર્યુકત ક્ષેત્રોમાં સુધારણાની જરૂર જણાય છે.

છેલ્લા કેટલાક વર્ષોથી શાલેય ગુણવત્તા અંગે વિવિધ કક્ષાથી અસંતોષની લાગણી વ્યકત થતી જોવા મળે છે. શાલેય ગુણવત્તાને અસર કરતા પરિબળો નીચે મુજબ જોવા મળે છે. 1.ધ્યેયનો અભાવ, 2. શાળાની ભૌતિક અને શૈક્ષણિક સુવિધાઓનો અભાવ અને વિદ્યાર્થીઓ, 3. નિર્બળ નેતૃત્વ, 4. શિક્ષકોમાં ખામી, 5. ખામીયુકત અભ્યાસક્રમ અને ભુલભરેલા પાઠ્યપુસ્તકો, 6. ચીલા ચાલુ અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા, 7. દિશાવહીન સહઅભ્યાસ પ્રવૃત્તિ, 8. યોગ્ય સંચાલનનો અભાવ, 9. સરકારી તંત્રનો હસ્તક્ષેપ, 10. વાલી અને સમાજ, 11. ખામીયુકત મૂલ્યાંકન પદ્ધતિ. જેમાં વર્ગખંડ અધ્યાપન વિશેષ મહત્વ ધરાવે છે. માટે જ પ્રસ્તુત સંશોધન પેપરમાં વર્ગખંડ અધ્યાપનની ગુણવત્તાનું મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું છે.

## ૩. વર્ગખંડ અધ્યાપન ગુણવતાનું મૂલ્યાંકન

શાળાઓમાં અધ્યાપન કાર્ય માટે વિવિધ પદ્ધતિઓ પ્રચલીત છે. પરંતુ અનેક મર્યાદાઓને કારણે આ પદ્ધતિઓ અમલમાં મુકી શકાતી નથી. મોટાભાગે તમામ શાળાઓમાં પરંપરાગત પદ્ધતિઓ દ્વારા અધ્યાપન કાર્ય પુરુ કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં આણંદ જિલ્લાની ૧૫ પસંદીત શાળાઓમાં અધ્યાપનનાં દૈશ્યાવલોકન દ્વારા અધ્યાપનની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવાનો પ્રયાસ અભ્યાસને હાથ ધરેલ છે.

## ૪. પ્રસ્તુત અભ્યાસમાં ફલિત થતી બાબતો

૧. પ્રવર્તમાન પદ્ધતિઓથી શિક્ષક વિદ્યાર્થીઓમાં રસ ઉત્પન્ન કરી શકતા નથી.

૨. શિક્ષક વર્ગખંડમાં સાધનોનો ઉપયોગ કરતા નથી.
૩. અધ્યાપન કાર્ય માત્ર પાઠ્યપુસ્તકના આધારે જ પૂર્ણ કરવામાં આવે છે.
૪. શિક્ષક અધ્યાપન દરમીયાન સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરતા નથી.
૫. વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નો રજુ કરવામાં આવતા નથી.
૬. શિક્ષકોમાં અધ્યાપન પૂર્વે તૈયારીનો અભાવ જોવા મળેલો.
૭. શિક્ષકો એક જ પદ્ધતિથી અધ્યાપન પૂર્ણ કરતા હતા.
૮. શિક્ષકો દ્વારા બ્લેક બોર્ડનો યોગ્ય ઉપયોગ થતો ન હતો.
૯. શિક્ષકો દ્વારા વિષયવસ્તુ સાથે જોડાયેલી અન્ય માહિતી અપાતી નથી.
૧૦. વિદ્યાર્થીઓ શિક્ષકના પ્રશ્નોના જવાબ આપે છે પરંતુ ચર્ચામાં ભાગ લેતા ન હતા.
૧૧. શિક્ષકો વિદ્યાર્થીઓ સાંભળે છે કે સમજે છે તેની દરકાર કર્યા વગર શિક્ષણકાર્ય કરતા હતા.
૧૨. શિક્ષકો દ્વારા અધ્યાપન કાર્ય ફરજના ભાગરૂપે કરતા હોય તેમ જણાતું હતું.
૧૩. કેટલાક શિક્ષકો વિદ્યાર્થીઓ પાસે શ્યામલક પર વિગતો લખાવતા હતા.
૧૪. કેટલાક શિક્ષકો પાઠ્યપુસ્તક વાંચી જતા હતા.
૧૫. કેટલાક વિદ્યાર્થીઓ પાઠયપુસ્તકમાંથી જોઈને જ પ્રશ્નોના જવાબ આપતા હતા.
૧૬. મોટાભાગે શિક્ષકો ગૃહકાર્ય આપતા ન હતા.
૧૭. મોટાભાગના શિક્ષકો અભ્યાસના મુદા સીધા જ શીખવવાનું શરુ કરી દેતા હતા.
૧૮. કેટલાક શિક્ષકોનો અવાજ પણ આગળની પાટલીઓ સુધી જ સંભળાતો હતો.
૧૯. કેટલાક શિક્ષકોના અક્ષર ખરાબ હતા.
૨૦. મોટાભાગના શિક્ષકોના એકમ શરુ કર્યા પહેલા પુનરાવર્તન કરતા ન હતા.
૨૧. વિદ્યાર્થીઓ ચાલુ તાસે વાતચીત કરતા હતા.

આમ, વિવિધ શાળાઓમાં વર્ગ અધ્યાપનના દશ્યાવલોકન અભ્યાસ બાદ ઉપરુકત તારણો નોંધ્યા છે. જે દ્વારા સ્પષ્ટ થાય છે કે હાલમાં વર્ગ અધ્યાપન માત્ર ને માત્ર ચીલા ચાલુ ઢબે જ થાય છે. જેની શિક્ષણની ગુણવતા પર માઠી અસર થતી જોવા મળે છે. આથી જ આ પ્રકારની ચીલાચાલુ પદ્ધતિઓ બદલવી જરૂરી બની છે.

## ૫. વર્ગખંડ અધ્યાપન ગુણવતા સુધારણા માટેના સંભવિત ઉપાયો

શાળા શિક્ષણની હાલની વ્યવસ્થામાં વર્ગખંડ અધ્યાપન ખુબ જ મહત્વ ધરાવતુ હોવાની તેની ગુણવત્તા વિશેષ મહત્વ ધરાવે છે. જે માટે અભ્યાસક નીચે મુજબના સંભવિત ઉપાયો જણાવે છે.

૧. વર્ગોમાં અધ્યયન અંગેનું વાતાવરણ (ભાવાવરણ) રચાયેલું હોવું જોઈએ.
૨. વર્ગોમાં જરૂરી સાધન - સામગ્રી ની સગવડો પૂરતા પ્રમાણમાં હોવી જોઈએ.
૩. શિક્ષકો એ વર્ગખંડમાં અધ્યયન માટે જતા પહેલા પૂરતા પ્રમાણમાં તૈયારી કરીને જ જવું જોઈએ.
૪. વર્ગખંડ અધ્યયન માત્ર પાઠયપુસ્તક આધારીત ન હોવું જોઈએ તેમા સંદર્ભ સાહિત્યનો વધુમાં વધુ ઉપયોગ થવો જોઈએ.
૫. વર્ગખંડ અધ્યાપન દરમીયાન વિવિધ દ્રશ્ય - શ્રાવ્ય સાધનોનો ઉપયોગ થવો જ જોઈએ.
૬. વર્ગખંડ અધ્યાપન વિવિધ પદ્ધતિઓથી થવું જોઈએ.
૭. વર્ગખંડમાં વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી તથા ચર્ચા માટે પ્રેરવા જોઈએ.
૮. વર્ગખંડમાં અધ્યાપન દરમીયાન શાંતી અને શિસ્ત જળવાય તે જરૂરી છે.
૯. વર્ગખંડ અધ્યાપનમાં શ્યામફલકનો ઉપયોગ ખૂબ જ મહત્વ ધરાવે છે તેથી તેનો વધુમાં વધુ ઉપયોગ કરવો જોઈએ.

૧૦. શિક્ષક દ્વારા અધ્યાપન દરમીયાન ધ્યાન રાખવું જરૂરી છે કે તેનો અવાજ દરેક વિદ્યાર્થી સુધી પહોંચે છે કે નહી.
૧૧. વર્ગ અધ્યાપનમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ખુબ મોટો ભાગ ભજવે છે.
૧૨. અભ્યાસ કાર્ય દરમીયાન શક્ષકે વિવિધ રીતે વિદ્યાર્થીઓની સભાનતા ચકાસતા રહેવું જોઈએ.
૧૩. અધ્યાપન કાર્યમાં વિદ્યાર્થીઓનો રસ જળવાય તે મહત્વનું છે.
૧૪. શિક્ષકોએ અધ્યાપન માત્ર ફરજના ભાગ રીતે ન કરતા સમાજ નિર્માણના પવિત્ર કાર્યના ભાગરૂપે કરવું જોઈએ.
૧૫. અધ્યાપન બાદ વિદ્યાર્થીઓને કંઈક ગૃહ કાર્ય આપવું જોઈએ.
૧૬. બીજા દિવસે એકમ શરુ કરતા પુર્વે જુની બાબતોનું પુનરાવર્તન થવું જરૂરી છે.
૧૭. શિક્ષકોનું વર્તન અને વ્યવહાર યોગ્ય હોવા જોઈએ કેમકે વિદ્યાર્થીઓ તેમને આદર્શ માની તેમનું અનુકરણ કરતા હોય છે.

## ૬. ઉપસંહાર

શાળા શિક્ષણ વ્યવસ્થામાં વર્ગ અધ્યાપન કેન્દ્ર સ્થાને છે. વિદ્યાર્થીઓના ઘડતર ઉપર તેની સીધી જ અસર જોવા મળે છે. હાલની વ્યવસ્થામાં જે ચાલીચાલુ પદ્ધતિઓ વડે શિક્ષણ કાર્ય થતું જોવા મળે છે. તેનાથી ગુણવત્તા યુક્ત શિક્ષણ કાર્ય થતુ નથી. માટે જ વર્ગ અધ્યાપનમાં રહેલી ખામીઓ દૂર કરીને વર્ગખંડ અધ્યાપનને શકય તેટલી ગુણવત્તા સભર બનાવવું અનિવાર્ય બન્યું છે. હાલમાં તમામ સ્તરોથી વિવિધ ક્ષેત્રનાં લોકો શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે કટીબદ્ધ થયા છે અને તે માટે અનેક પ્રકારના કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે . અભ્યાસકના મત મુજબ આ તમામ પ્રક્રિયામાં વર્ગ અધ્યાપન કેન્દ્રીય સ્થાને છે . માટે આ  સંશોધન પેપરની મદદથી અભ્યાસકે આ દિશામાં મદદરૂપ થવાનો આ નાનકડો પ્રયાસ કર્યો છે .

## સંદર્ભસૂચિ


૧. દેસાઈ, ધનવંત અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ, પ્રાચ્યમંદિર, મ.સ. યુનિવર્સિટી, વડોદરા.
૨. દેસાઈ, ધનવંત કેળવણીનું નવ નિર્માણ - કોઠારી શિક્ષણપંચની ભલામણો, એ.આર. શેઠની કંપની, અમદાવાદ.
૩. દેસાઈ, ધનવંત , ભારતીય કેળવણીના યક્ષ પ્રશ્નો યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ , અમદાવાદ.
૪. આકુવાલા, સી.કે. : ભારતીય શિક્ષણના આધુનિક પ્રશ્નો અને પ્રવાહો, ભારત પ્રકાશન, અમદાવાદ .
૫. જોશી, કનૈયાલાલ , અભ્યાસક્રમ અને આયોજન માસિકમાં છપાયેલ લેખ શાળા નિરીક્ષણનો નૂતન દૃષ્ટિકોણ
૬. પાઠક, ઉપેન્દ્ર બી. અને પટેલ, મોતીભાઈ એમ., શાળામાં વિદ્યાકીય સુધારણાને સ્પર્શતા પરિબળો (નૂતન શિક્ષણમાં પ્રસિદ્ધ લેખ)
૭. પટેલ, મોતીભાઈ અને અન્યો, શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ .
૮. પટેલ, મોતીભાઈ અને અન્યો, શાળા પ્રબંધ , બી.એસ. શાહ પ્રકાશ , અમદાવાદ


## સામયિકો


માધ્યમિક સંદેશાઓ
માધ્યમિક શિક્ષણ અને પરિક્ષણ
પરિવર્તનશીલ શિક્ષણ
નૂતન શિક્ષણ
સાંપ્રત